## સલામી સવારની..



સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*રાજાશાહી છીનવી નેતાઓ લાવ્યા લોકશાહી!*
*જાહોજલાલી જોઈ નેતાઓ ફાવ્યા લોકશાહી!*
*માલ્યા લોકશાહી 'વારસાગત' નો વિરોધ કરી -*
*'વારસો' માટે માગે ટિકીટો ચાલ્યા લોકશાહી!*
*(પત્ની-પુત્રો-વધુઓ માટે ટિકીટ ના ડખા!)*

હાઈકુ

*ગાંડા શોખમાં*
*નિર્દોષ માનવીનાં*
*કપાય ગળાં!*
*(પતંગનો આતંક)*

*લ્યો! સત્તા માટે,*
*ચાલ્યું સ્વાર્થ-સંન્ટીંગ!*
*પક્ષ-પલ્ટાનું...*
*(ડબ્બાનું કાપ-કૂપ)*

### ચિંતન

**સર્વેણાં ભૂષણં ધર્મ :**

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

કર્તવ્યપરાયમતા એ મનુષ્યનું સૌથી શ્રેષ્ઠ આભૂષણ છે. ધર્મનો અર્થ જ કર્તવ્ય પરાયણતા, પ્રામાણિકતા અને સંનિષ્ઠાથી પોતાનું કાર્ય કરવું તે છે. મનુસ્મૃતિમાં ધૃતિ, ક્ષમા, ઈન્દ્રિયનિગ્રહ, અચૌર્ય, મન તથા શરીરની શુદ્ધતા, ઈન્દ્રિયદમન, બુદ્ધિ, વિદ્યા, સત્ય તેમજ અક્રોધને ધર્મના દસ લક્ષણ કહ્યાં છે. મનુસ્મૃતિ એમ પણ કહે છે કે, જેનાથી આપણને દુઃખ થાય એવો વ્યવહાર આપણે અન્યો સાથે ના કરીએ. એનું નામ જ ધર્મ છે. આવી વૃત્તિ કેળવવી એ જ મનુષ્યનું સૌથી શ્રેષ્ઠ ઘરેણું છે.

ધર્મ એટલે 'સત્ય'નું ન્યાય-નિષ્ઠાનું આચરણ કર્તવ્યપાલનનો જે આનંદ છે એ માત્ર આપણને જ નહીં પણ જે લોકો આપણા સંપર્કમાં આવે તેને પણ આનંદ આપે છે. માણસના સ્વભાવ-સદ્‌ગુણનું એ આભૂષણ બની જાય છે.

### સુવિચાર

- આળોટે જોબનિયું, ધન કેરા ઢગ માંય... એમાં અવિવેક ભળતાં, નક્કી નાશ જ હોય... - **હેમુ ગઢવી**
- નિષ્ફળતા મળે ત્યારે એમ ન માનો કે તમે હંમેશ ને માટે નિષ્ફળ સાબિત થયા... બસ એમ જ વિચારો કે તમારે હજી સફળતા હાંસલ કરવાની વાર છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવનને પૂર્ણપણે માણો, એટલું બધું હસો કે વેદના પણ મલકી ઊઠે, એવું સરસ જીવો કો મૃત્યુ પણ તમને જીવંત જોવા ઈચ્છે, એવી મક્કમ લડત આપો કે વિધાતા ખુદ હારી જવામાં ગૌરવ અનુભવે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- હે ઈશ્વર, કૃપા કરીને અમને એવી લાયકાત આપો કે મારા હૃદયમાંથી નીકળેલી પ્રાર્થના તમારે સાંભળવી જ પડે - **સોક્રેટીસ**
- બુદ્ધિચાતુર્ય હંમેશા તમને ફાયદો કરાવે એવું હોતું નથી, એમ જ મુર્ખામી હંમેશા નુકશાન નથી કરાવતી - **વિદુર**
- જીવનમાં કરુણા અપનાવો, ક્રોધને નર્કનું તો કરૂણા સ્વર્ગનું દ્વાર છે - **તુકારામ**
- આજનું ઔષધ : કોથમીરનો તાજો રસ અને લીંબુનો રસ રોજ સવારે પીવાથી લોહી શુદ્ધ બને છે અને વજન વધે છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ સમુદ્ર લોકો સંતાનો ને ભણાવવા અલગ-અલગ વિષયના 'શિક્ષકો'ને ઘેર બોલાવે છે અને શિક્ષકોનું સમયપત્રક ગોઠવે - એમાં વધારે હોમવર્ક ન આપવું - ગુસ્સે ન થવું - હાથ ન ઉપાડવો જેવી શરતો તો ખરી જ. આમાં, 'વિદ્યા' કયાંથી ચડે? અને શિક્ષકનું માન-સન્માન રહે ક્યાંથી?

રોમના રાજા પુત્રને શિક્ષણ-સંસ્કારની જરૂર હતી. તે વખતના વિદ્વાત સંત એપોલો નિયસને રોમના રાજાએ વિનંતી કરી, 'આપ મારા રાજમહેલમાં રહો અને મારા પુત્રને શિક્ષણ-સંસ્કાર આપો.'

તેજસ્વી એપોલો નિયસે રાજાના મંત્રીને કહ્યું, 'શિક્ષણ આપવા ગુરુ કોઈને ઘેર જાય નહીં - જો વિદ્યાર્થીને જરૂર હોય તો મારી ઝૂંપડીમાં મારી સાથે આવીને રહે.'

રોમનપતિ સંતની તેજસ્વીતાથી પ્રભાવિત થયો. બીજે જ દિવસ સામાન્ય વિદ્યાર્થી જેમ કુમાર એપોલાની ઝૂંપડીમાં રહેવા માટે હાજર થયો.

# ચીની ડ્રેગન ભારત-અમેરિકા સામે ઘુરકિયાં કરતું રહેશે

વિશ્વની બીજી મહાસત્તા તરીકે આપમેળે સ્થાપિત થઈ ચૂકેલ ચીને એકીસાથે અમેરિકા અને પાડોશી દેશ ભારત સામે શિંગડાં ભરાવવાની નીતિ ચાલુ રખી છે. ભારતને ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપનું સભ્ય બનાવવાના મુદ્દે ચીન જ અડચણો ઊભું કરતું રહ્યું છે. આ બાબતે હવે તો ખુદ અમેરિકાના અધિકૃત નિવેદનમાં સ્પષ્ટતા કરાઈ છે નિવૃત્ત થઈ રહેલા અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ ભારત આ વિશિષ્ટ ગ્રુપનુ સદસ્યતા માટેની તમામ લાયકાત ધરાવતું હોવાનો અભિપ્રાય આપ્યો છે. ભારત એનએસજીના સભ્ય તરીકે જરૂરી એવાં તમામ માપદંડોમાં ખરું ઉતરે છે અને બધા જ નીતિનિયમ પાળવા ઉત્સુક છે પરંતુ ચીન અવરોધો ઊભા કરતું રહે છે, હવે થોડા જ દિવસોમાં ટ્રમ્પ શાસન વિદેશનીતિ સંભાળશે ત્યારે અમેરિકાનું વલણ યથાવત્ રહેશે કે કેમ તે કહેવું અઘરું છે. જો કે ટ્રમ્પ દ્વારા ચીન સામે અનેક મુદ્દાઓ પર વાંધા ઉઠવાયા છે, જેમાં તાઈવાનને ચીન તેનો જ ભાગ ગણી 'વન ચાઈના' પૉલિસી અપનાવી રહ્યું છે તેનો પણ સમાવેશ થાય છે. ચીને નવા અમેરિકી પ્રમુખને રોકડું પરખાવી દીધું છે કે તાઈવાન મુદ્દે કોઈ જ ચર્ચા કરવા તૈયાર નથી. અમેરિકા સાથે સુચારું

**તંત્રીસ્થાનેથી...**

સંબંધો જાળવવા માંગતું ચીન આ મુદ્દે એની સામે શિંગડાં ભરાવી શકે છે. ચીન પોતાની સર્વોચ્ચતા સિદ્ધ કરવા સારું આતંકવાદી અઝહર મસૂદનો પણ બચાવ કરતું ફરે છે. અઝહરને આતંકવાદી જાહેર કરવાની માંગણી ફ્રાંસ દ્વારા પણ કરવામાં આવેલ છે. પરંતુ ચીન દર વખતે ભારતની આ વિશેની માગણી વીટો વાપરીને ઉડાડી મૂકતું રહ્યું છે. પાકિસ્તાન સાથેની ચીનની આ પક્ષપાતભરી નીતિ જગજાહેર છે. દુનિયા આખી પાકિસ્તાનને આતંકવાદનું પારણું ગણે છે, પરંતુ ચીન માટે પાકિસ્તાન એ 'કુદરતી મિત્રદેશ' છે, કારણ કે દક્ષિણ એશિયામાં ભારતના વધી રહેલા વર્ચસ્વ સામે આડશ ધરવા એ ખપ લાગતું રહ્યું છે. વિશ્વમાં મહાસત્તા બનવાની દોડમાં ચીન પહેલાંથી જ ભારતને પાછળ પાડી ચૂકેલ છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યો છે ત્યારે ચીન એની અશ્વદોડને વિઘ્નદોડમાં ફેરવી રહ્યું છે. વળી ટ્રમ્પ શાસન નરેન્દ્ર મોદી સાથે કેવો વ્યવહાર રાખવાનું પસંદ કરશે એ તો સમય જ કહેશે. ચીને પાક સ્થિત ગ્વાદર બંદરની સુરક્ષાના બહાને યુદ્ધજહાજો તૈનાત કરીને અમેરિકા અને ભારત - બેઉની ચિંતા વધારી જ દીધી છે!

# જબ ચિડિયા ચુગ ગઈ ખેત...

નિમિષા જયાં લંડનથી એમ.બી.એ. કરીને ભારત પરત ફરી ત્યાં જ અમદાવાદમાં તેને નોકરી મળી ગઈ. તેના મમ્મી-પપ્પાએ તેની સાથે જઈને એક રૂમ ભાડેથી અપાવી દીધો. આ રૂમમાં તે પેઈંગ ગેસ્ટ તરીકે રહેતી હતી. બે ટાઈમ જમવાનું અને ચ્હા નાસ્તાની વ્યવસ્થા તેનાં મકાન માલિક સુરેખાબેન કરતાં હતા. નિમિષાના મમ્મી-પપ્પા ખુબ ખુશ અને સંતુષ્ટ થઈ અમદાવાદથી ગયાં. કેમ કે નિમિષાને અહીં ખુબ સરસ કૌટુંબિક વાતાવરણ મળ્યું હતું. કેમ કે સુરેખાબેનનાં બે બાળકો દીદી... દીદી... કહી નિમિષાની સાથે હળીમળી ગયાં હતાં. બંને બાળકો નિમિષાથી ઘણા નાના હતા.

નિમિષાની દિનચર્યા ખુબ મજાની વીતી રહી હતી. તેમાં તેની જિંદગીમાં અનુજનું આગમન થયું. બંને બહુ જલ્દી એકબીજાની નજીક આવી ગયાં. હજુ આ મુલાકાતને માંડ બે ત્રણ મહિના થયાં હશે. ત્યાં એક દિવસ અનુજે નિમિષાને કહ્યું.

'નિમિષા, આપણે બંને નક્કામાં અલગ અલગ રહીએ છીએ. આપણે બંને મળી બે બેડરૂમનો એક ફલૅટ નાનો ફલૅટ ભાડે લઈ લઈએ તો કેળું? આપણે બંને સાથે રહી શકીશું અને જમવા અને ભાડાનો ખર્ચ આપસમાં વહેંચી લઈશું.'

આ વાત નિમિષાને પણ ગમી ગઈ. તેણે સંમતિ આપી અને કહ્યું, ભલે, આપણે બહુ જલ્દી એક નાનો સરખો ફલૅટ ભાડે લેવાની વ્યવસ્થા કરી દઈએ બંને એ પ્રોપર્ટી બ્રોકરને એક ફલૅટ જેટલો જલી બને તેટલો બતાવવા કહ્યું.

સુરેખાબહેને નિમિષાએ તેનો રૂમ છોડવાનું કારણ પુછ્યું તો જવાબમાં નિમિષાએ ખુબ જ ચતુરાઈ પૂર્વક જવાબ આપ્યો કે 'એમાં આન્ટી એવું છે કે અમે બે-ત્રણ બહેનપણીઓ સાથે મળી એક નાનો ફલેટ ભાડે લઈશું અને આપસમાં ભાડું વહેંચી લઈશું. દર રવિવારે બજારમાં જઈ ઘર માટે કરિયાણાની ચીજો અને શાકભાજી લઈ રાખીશું તેમજ રસોઈ કરવા અને ઘરનાં બધાં કામ કરવા એક બાઈ રાખી લઈશું જે જમવાનું બનાવી દેશે.' આ સાંભળી સુરેખાબેન ચૂપ રહી ગયા.

નિમિષા અને અનુજ ફલૅટમાં આરામથી રહેવા લાગ્યા. હવે આમ તો દેખાવના બે બેડરૂમ હતા. પણ હવે બંનેનો એક જ બેડરૂમ થઈ ગયો. તેમજ અનુજની મીઠી મીઠી વાતોમાં આવી બંનેએ આપસમાં શારીરિક સંબંધો પણ બાંધી લીધા.

આ તરપ નિમિષાની મમ્મી જયારે અમદાવાદ આવવાનું કહેતા ત્યારે નિમિષા એમ કહીને આવતાં રોકતી કે મમ્મી હું સવારથી રાત સુધી ઑફિસમાં રહું છું. તમે અહીં આવીને શું કરશો? નક્કામા કંટાળી જશો. બોર થઈ જશો.

આ દરમિયાન નિમિષ ગર્ભવતી થઈ ગઈ તો બહુ જ ગભરાઈ. નિમિષા જોતી હતી કે અનુજ આજકાલ તેનો હિસ્સો આપતો ન હતો. અને જાત જાતની વાતો કરી તેને બેવકૂફ બનાવતો હતો. તેને લગ્ન માટે અનુજને કહ્યું તો તેને વાત ટાળી દીધી. એક દિવસ નિમિષા અનુજ પર ચીડાઈ ગઈ અને બોલી.

'અનુજ, લગ્નની વાત તું ટાળે છે શું કામ? સાથે રહ્યા ત્યારે તો તે કહેલું કે આપણે બહુ જલ્દી લગ્ન કરી લઈશું. પણ હવે તું તારા વાયદામાંથી ફરી ગયો.'

નિમિષાની વાત સાંભલી અનુજ ગુસ્સે થઈ બોલ્યો. 'તારે સાવચેતી રાખવી જોઈતી હતી. જે તે રાખી નહીં. અને હવે લગ્ન માટે મારી પાછળ શું કામ પડી છે. મારે લગ્ન પહેલાં ખુબ કમાવું છું. મારી કેરિયર બનાવવી છે. જેથી હું વટથી રહી શકું. પણ તું વારંવાર લગ્ન માટે



નવાં કલેવર

નટવર હેડાઉ

મારા પર દબાણ કરે છે. તેથી હું તો પરેસાન થઈ ગયો છું. કંટાળી ગયો છું. હું આ ફલૅટ છોડીને જાઉં છું.'

હેરાન પરેશાન થયેલી નિમિષાએ અનુજને રોકવાની બહુ કોશિશ કરી પરંતુ અનુજ ઉપેક્ષાથી નિમિષાનો સાથ છોડી જતો રહ્યો. ગર્ભાવસ્થામાં આમ પણ શરુઆતમાં તબિયત સારી રહેતી નથી. તેમાં અનુજનું આવું અનુચિત વર્તન. છેવટે નિમિષા હિંમત કરીને એક ક્લિનિક પર લૅડી ડૉક્ટરને બતાવવા ગઈ. ડૉક્ટરે તેને ચાર મહિનાનો ગર્ભ છે એમ કહ્યું. તે સાથે એમ પણ કહ્યું કે હે ગર્ભપાસનો સમય નીકળી ગયો છે. તેથી હવે તારે બાળકને જન્મ આપવો જ પડશે.

નિમિષા ક્લિનિકથી થાકેલી હારેલી નીકળી. અનુજ ફલૅટ છોડીને ગયો તેને આઠ દસ દિવસ થઈ ગયા હતા. અને તે હવે નિમિષાનો ફોન પણ ઉપાડતો ન હતો. તેથી નિમિષા એ વિચાર કર્યો કે તેની ઑફિસે જઈને તેની સાથે વાત કરું. અનુજના અમુક સહકર્મીઓ નિમિષાને ઓળખતા હતા. તેથી તેને તેમને પુછ્યું, 'અનુજ કયાં છે? મારો ફોન પણ ઉપાડતો નથી.' આ પ્રશ્ન અને અનુજના મિત્રએ કહ્યું, 'નિમિષા એ તો બે દિવસ પહેલાં જ ઓસ્ટ્રેલિયા જતો રહ્યો. તને કંઈ કહ્યું નથી.' હવે નિમિષા કયાં મોંએ આગળની વાત કરે, હવે તે શું કરે, ગર્ભપાત કરાવી જીવનું જોખમ વહોરે કે પચી આ અનૌરસ બાળકને જન્મ આપે. તે બહુ પસ્તાઈ રહી હતી. અનુજનો વિશ્વાસ કરીને માતાપિતાને દગો દઈને.

# જીવનની સફરમાં રાહ આસાન હોતી નથી

અબ્રાહમ લિંકને એક વાર કહ્યું હતું કે ''રિલેશનશીપમાં હંમેશા એકબીજાની કદર કરો, એકબીજાનો આદર કરો અને પછી એકબીજાને ચાહો. જો કદર અને આદર નહીં હોય તો એવા સીધાસાદા ચાહવાનો કોઈ અર્થ નથી.''

કોઈની સાથે મિત્રતા કરવામાં ભલે વિલંબ કરો, પરંતુ એક વાર મિત્રતા થઈ જાય તો તેને જીવનભર પુરી નિષ્ઠાથી નિભાવવી રહી. દર વર્ષે જીવનમાંથી આપણે એક એક કરીને ખોટી ટેવ કે બૂરી આદત દૂર કરતા જઈએ તો એક દિવસ સારા બની રહીએ એવું બને. જીવનમાં એક માત્ર સારી બાબત જ્ઞાન છે અને ખરાબ બાબત અજ્ઞાન હોવું એ છે.

જ્યારે તમે જે કંઈ ઈચ્છો તે ન મળે ત્યારે દુઃખ થાય અને જે નથી ઈચ્છતા એ મળી જાય તો પણ મુશ્કેલી અનુભવતા હોઈએ એ સ્થિતિ વરવી ગણાય. કેમ કે જે વસ્તુ તમે ઈચ્છો તે મળે કે ના મળે પરંતુ સ્થિતિ કદીય કાયમી રહેતી નથી. જીવનનો રાહ હંમેશા આસાન હોય એવું બનતું નથી. જ્યારે પર્યટનમાં વાંકાચૂકા અને આરોહ-અવરોહવાળા રસ્તા આવે ત્યારે એવા રસ્તાઓની જ મજા હોય છે.

આપણી આસપાસ આજે ભૌતિક દુનિયાએ પકડ જમાવી લીધી છે. કોઈ પણ સ્થિતિમાં પૈસાથી સારા ગુણ હાસલ કરી શકાશે નહીં, પરંતુ સારા ગુણોથી પૈસા જરુર મેળવી શકાય છે. જ્યારે વ્યક્તિ પોતાના ગુસ્સા ઉપર કાબુ મેળવવાનું શીખી જાય છે ત્યારે તે વ્યક્તિ અન્યના ગુસ્સાથી પોતાની જાતને બચાવવાનું પણ આપોઆપ શીખી લેતો હોય છે.

જ્યારે આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણી પ્રાર્થના માત્ર ઈશ્વરના આશીર્વાદ મેળવવા માટે જ હોવી જોઈએ. એ સિવાય બીજું કશુંક મેળવી લેવાની કામના માટે પ્રાર્થના હોવી જોઈએ નહીં, કારણ કે ઈશ્વરને હંમેશા ખબર હોય છે કે આપણા માટે સારું શું છે અને શું નથી.

***સંતોષ એટલે કુદરતી સંપત્તિ અને આશીર્વાદ. જ્યારે વૈભવ, ભૌતિક સંપત્તિ અને ધન વગેરે તો કાળા માથાના માણસે જાતે જ બનાવેલી ગરીબી જ છે. ખરો ધનિક તો એ વ્યક્તિ છે કે જે ઓછામાં ઓછા સંસાધનોથી ચલાવી લેવાનું જાણતો હોય.***

જ્યારે કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિને પ્રપોઝ કરે છે કે તે ચાહે છે. આ સંજોગોમાં વ્યક્તિએ પોતાની જાતને પણ એક વાર પુછી લેવું જોઈએ. કેમ કે વ્યક્તિ પહેલા પોતાની જાતને પણ ચાહે એ જરુરી હોય છે. જો તમારી ભીતર જ પ્રેમ નહીં હોય તો તમે અન્ય બીજા કોઈને પ્રેમ કઈ રીતે, કેવી રીતે આપી શકવાના છો. જો તમારી ભીતર પ્રેમના સ્થાને ઈર્ષા, નફરત, વેરઝેર, ધૃણા ઈત્યાદી જ ભરેલાં હોય તો તમે કોઈને પ્રેમ કઈ રીતે આપી શકશો.

એક સરસ મજાની વાત છે કે સંતોષ, સંતૃષ્ટિ એ પ્રાકૃતિક સંપદા છે. સંતોષ એટલે કુદરતી સંપત્તિ અને આશીર્વાદ. જ્યારે વૈભવ, ભૌતિક સંપત્તિ અને ધન વગેરે તો કાળા માથાના માણસે જાતે જ બનાવેલી ગરીબી જ છે. ખરો ધનિક તો એ વ્યક્તિ છે કે જે ઓછામાં ઓછા સંસાધનોથી ચલાવી લેવાનું જાણતો હોય. ઓછી વસ્તુઓથી જેનું જીવન પસાર થઈ જતું હોય તે વ્યક્તિ ગરીબ નહીં, પરંતુ દુનિયાનો સૌથી ધનિક માણસ છે.



ગુલમહોર

દિનેશ દેસાઈ

વ્યક્તિ પોતે પ્રેમાળ હોવાનો પુરાવો એટલો જ કે તેનું હૃદય પણ પ્રેમાળ હોય. તે વ્યક્તિના હૃદયમાં ખુદ ઈશ્વરનો વાસ હોય છે. વ્યક્તિએ પોતાની જાતને ફક્ત બહારથી જ ભપકા અને ઠાઠથી સુંદર બનાવવાની જરુર નથી, બલકે પોતાની ભીતર પણ સૌંદર્ય પ્રસારવાની જરુર છે. ઈનર-બ્યુટીની વાત પાબ્લો પિકાસોએ કરી હતી. તમે ઈશ્વરને પ્રાર્થના કરી શકો કે ઈશ્વર તમને જેવા ભીતર છો, એવા જ બહાર પણ બનાવે. વ્યક્તિ બહાર અને અંદરથી એક જેવા જ હોય, એ ઈશ્વરના આશીર્વાદ વિના શક્ય બને નહીં.

વ્યક્તિમાં ભીતરનું સૌંદર્ય અને સાચું બૌદ્ધિક સ્તર એ સમયે જ આવી શકે જ્યારે વ્યક્તિ બુદ્ધ જેવી સમ્યક સ્થિતિમાં આવી જાય. વ્યક્તિ એમ વિચારવા લાગે કે દુનિયામાં હું કશું જ જાણતો નથી, એવો અહંકારરહીત ભાવ પ્રગટે ત્યારે વ્યક્તિનું ભીતરનું સૌંદર્ય આપોઆપ પ્રગટવા લાગે છે. સૌંદર્યવિજ્ઞાનની ભાષામાં જેને આત્માનું સૌંદર્ય અથવા વ્યક્તિનું આભામંડળ, વ્યક્તિની આસપાસ રચાતી ઓરા ત્યારે જ જોવા મળે જ્યારે વ્યક્તિ સર્વ પ્રકારના રાગ-વિરાગથી મુક્ત બન્યો હોય.

સ્ટોપરઃ- ''સંબંધમાં કોઈ પણ એક પક્ષે ગરજ અથવા મતલબનો પ્રવેશ થાય ત્યારે સમજવું કે સંબંધને જીવલેણ બીમારી લાગુ પડી છે. એવો સંબંધ વેન્ટિલેટર પર મૂકાઈ જતો હોય છે. ગમે ત્યારે સંબંધ મૃત્યુ પામે.''

—સીમોન દ'બુઆ

# બાપૂ હાનિકારક હૈ..!! હર વોહ ચિઝ જો પહેલવાનીસે ઈનકા ધ્યાન હટાવેગી, મૈં ઉસે હટા દેયુંગા..!!

'દંગલ' ફિલ્મ વિમેન રેસલર ગીતા અને બબિતાની બાયોપીક છે. હરિયાણાના ભિવાની જિલ્લાના એક ગામ બલાલીનો નેશનલ ચેમ્પિયન રેસલર મહાવીર સિંઘ ફોગટ એની આર્થિક સ્થિતિને કારણે આગળ રમી શકે એમ નથી, અને એની દીકરીઓ ગીતા અને બબિતાને રેસલિંગ માટે તૈયાર કરે છે અને એમનામાં દેશ માટે ગોલ્ડ લાવવા જોશ અને ઉત્સાહ પૂરે છે...

એક બાપ જેને માટે પોતાની દીકરી એના જીગરનો ટુકડો હોય છે, એક બાપ જે એની દીકરીની જિંદગી સુખમય થાય એના વિચારોમાં એની ઘણી રાતોની ઊંઘ ખોઈ બેસે છે, પણ આ બાપ અલગ છે, એની દીકરીઓ રસોડા અને ઘરકામ માટે નથી, એણે એની દીકરીઓને અલગ બનાવવી છે, કારણ કે એ એની દીકરીઓ છે! અને એવું નથી કે ફિલ્મ ભારે છે, અથવા ખૂબ સીરિયસ છે, ફિલ્મ હળવી પણ છે અમુક જગ્યાએ, મનોરંજક પણ છે, હસાવવા માટે પણ છે સીન્સ, અને લાગણીશીલ કરવા માટે પણ.

'દંગલ' ફિલ્મ માટે આમિર ખાન દ્વારા કરાયેલી મહેનત સૌ કોઈ જાણે છે, પણ એ સાથે ચાઈલ્ડ એક્ટર્સ ઝાયરા વસીમ અને સુહાની ભટનાગર (એમણે અનુક્રમે ગીતા અને બબિતાના પાત્રો ભજવ્યા છે) તેમજ ગીતા અને બબિતાની યુવાની માટેના પાત્રો ભજવનાર યંગ એક્ટર્સ ફાતિમા સના શેખ અને સાન્યા મલ્હોત્રાએ કરેલી મહેનત. આગળની અડધી ફિલ્મ બાળપણ પર જ છે. બંને ચાઈલ્ડ એક્ટર્સની મહેનત દેખાઈ આવે છે, એ લોકોને વહેલી સવારે જગાડવાથી માંડીને એમને દોડાવવા અને અખાડામાં તૈયાર કરવા સુધીની એક પણ વાતોમાં બંને ચાઈલ્ડ એક્ટર્સ ચૂકતા નથી, એમની લાગણીઓ, એમની થકાન, એમની ખુશી, નિર્દોષતા, ગુસ્સો, જુસ્સો બધુ એમણે સુંદર ભજવ્યું છે, એ જ રીતે ફાતિમા સના શેખ અને સાન્યા મલ્હોત્રા માટે પણ. (આ બધી એક્ટર્સને અપાયેલી રેસલિંગ ટ્રેનિંગ માટેની મહેનત કૃપા શંકર બિશ્નોઈએ કરાવડાવી છે, જે ભારતની વિમેન રેસલિંગ ટીમના કોચ પણ છે.)

ગીતા અને બબિતાની મા દયા શોભા કૌરના રોલમાં સાક્ષી તન્વરની એક્ટિંગ પણ સરસ છે, એમને ભાગે વધારે ડાયલોગ્સ નથી, પણ ઘણી વખત મા કંઈ કહેતી નથી, એની આંખોમાં દુઃખ અને ખુશી દેખાઈ આવે છે, જે એમણે ભજવ્યું છે, આમિર ખાનની લાજવાબ એક્ટિંગ છે, એ જ રીતે ફિલ્મની રેસલિંગ સીક્વન્સ અમુક વાર શ્વાસ થંભાવી દે છે આગળ શું થશે એ જાણવાની ઈન્તેઝારીમાં ફિલ્મની અંદર કરાયેલી મહેનત ફળી છે.

'દંગલ' ફિલ્મનો ફર્સ્ટ હાફ જોરદાર, ઈન્ટરમિશન પહેલાનો ફિલ્મનો હિસ્સો સેપિયા કલરના ફોટોગ્રાફ્સ જેવો છે, અહીં જૂનો સમય છે, જૂના ઘર છે, જૂની સોચ ધરાવતા માણસો, દીકરી અને દીકરામાં ભેદ કરતા



લોકો, આ બધા ઉપાયો અજમાવીએ તો દીકરો આવે એવા ખ્યાલો ધરાવતા લોકો પણ છે. અહીં એક સરસ ગામ છે, જ્યાં ખેતરો છે, મંદિર છે, અખાડો છે, નદી છે, સ્કૂટર છે, અને આ બધુ સેપિયા કલરના ફોટોસ જેવું લાગે છે. ફિલ્મની શરૂઆતમાં સીન છે જ્યાં આમિર ખાન અને વિવાન ભટેનાના પાત્રો કુસ્તી લડે છે. (વિવાન ભટેના ફિલ્મમાં ન ઓળખાયો હોય તો ફાલ્ગુની પાઠકનું ગીત 'મૈને પાયલ હૈ છનકાઈ' યાદ કરો.) આમિર એને હરાવે છે, અને વિવાન ભટેના એને શાબાશી આપે છે કે એક સ્ટેટ લેવલ રેસલર ને હરાવ્યો અને આમિર એને કહે છે કે ચિંતા ના કર, એક નેશનલ લેવલ ચેમ્પિયનથી હાર્યો તુ! પહેલી મુલાકાતમાં ક્યાંથી માણસ ઓળખાય?

મહાવીર નેશનલ લેવલ ચેમ્પિયન છે, પણ આર્થિક સ્થિતિ સારી નથી અને આગળ રમી નહીં શકે એ મજબૂરી છે, અને લોકોના સલાહથી નોકરી સ્વીકારી લે છે, આ દરેક એ ખેલાડીની વાર્તા છે જેનામાં ક્ષમતા છે પણ આગળ જઈ શકવા સક્ષમ નથી, એની આવડત અને યોગ્યતાને પ્રોત્સાહિત કરે, થોડી હિંમત આપે, થોડી મદદ કરે એવા લોકો જેની પાસે નથી એ દરેક ખેલાડીની સ્થિતિ છે ફિલ્મની શરૂઆતની મહાવીરની સ્થિતિ જેવી.

મહાવીરને દીકરો જોઈએ છે કારણ કે એને છે દીકરો દેશ માટે ગોલ્ડ લાવશે, ઘણા બધા લોકો સોશિયલ મીડિયામાં ઘણી બધી કૉમેન્ટસ કરે છે કે '૩ ઈડિયટ્સ' ફિલ્મનો રેન્ચો અને આ આમિર અલગ છે, અને એણે પોતાના સપનાઓ સંતાનો પર થોપતા બાપનો રોલ કર્યો, પણ એ એક એક્ટર છે અને એ એની જોબ છે, જે એણે સારી રીતે નિભાવી છે, અને એણે એના સપના સંતાનો પર થોપ્યા નથી. 'નીલ બટ્ટે સન્નાટા' ફિલ્મમાં એક ડાયલોગ છે, 'વો તુમ પે અપને સપને નહીં થોપ રહી, ઉસકા તો સપના હી તુમ હો.' આ ડાયલોગ જેવી વાત છે આ. ('નીલ બટ્ટે સન્નાટા' ફિલ્મ 'દંગલ' ફિલ્મનાં ડિરેક્ટર નિતેશ તિવારીની પત્ની અશ્વિની ઐયર તિવારીએ બનાવી છે!!)

મહાવીરની પત્નીનું નામ છે દયા શોભા કૌર, અને એની પર ભલે ફિલ્મમાં ફોકસ નથી પણ એની સ્થિતિ દયાજનક જ છે, એને ગિલ્ટ છે કે એ દીકરાને જન્મ નથી આપી શકી, એને ગિલ્ટ છે કે એના પતિને જે જુએ છે એ ગોલ્ડ મેડલ હવે નહીં આવે, અને જ્યારે મહાવીર એની પાસે એક વર્ષનો સમય માંગે છે દીકરીઓને રેસલિંગ માટે તૈયાર કરવા માટે, ત્યારે પણ એ પતિ અને દીકરીઓ વચ્ચે અટવાય છે, એ કંઈ બાજુનો પક્ષ લે? બંને સમાન છે એની માટે. મહાવીરને અહેસાસ થાય છે કે એની દીકરીઓમાં રેસલર બનવા માટેની તાકાત છે એ પછી એ પત્નીને વાત કરે છે એ આખો સીન કેટલો સરસ છે, બંને ચર્ચા કરે છે, મહાવીર કોઈ પણ ભોગે મક્કમ છે કે એ દીકરીઓને રેસલિંગ માટે તૈયાર કરશે, અને દયા દીકરીઓ વિશે વિચારી ઘણા સવાલો પૂછે છે, એ ના પતિને ના પાડી શકે છે અને ના દીકરીઓને એ સ્થિતિમાં લઈ જતા પતિને રોકી શકે છે. અને એ બધી લાગણીઓ સાક્ષી તન્વરે સરસ ભજવી છે.



Hello ફ્રેન્ડસ

સંજય થોરાત

મહાવીર બંને મોટી દીકરીઓ ગીતા અને બબિતાને તૈયાર કરવાની શરૂઆત કરે છે એ માટે 'હાનિકારક બાપુ' ગીત રાખ્યું છે, દીકરીઓને સવારે પાંચ વાગ્યે ઉઠવાની તકલીફથી માંડીને કસરત શીખતી દીકરીઓ અને એમના બાપ પરનો ગુસ્સો આખો રિયલ લાગે છે ગીતના શબ્દો અને પિક્ચરાઈઝેશનથી. (સિનેમટોગ્રાફી- સેતુ શ્રીરામ) ગામના લોકો મહાવીરને એની દીકરીઓને અખાડામાં પ્રેક્ટિસ માટે ના પાડે છે અને એ પોતાના ખેતરમાં એને માટે અખાડો બનાવે છે...

એની દીકરીઓને કુસ્તી લડવામાં નડે એ બધી વાતો પર એ રોક લગાવે છે, એક તબક્કે બંને કહે છે કે સલવાર કમીઝમાં કુસ્તી નથી ફાવતી, એટલે કપડાની સ્ટાઈલ બદલે છે, અને લાંબા વાળ નડે છે તો એ પણ કપાવડાવે છે, વાળ, છોકરીની કે સ્ત્રીની સુંદરતામાં વધારો કરતું તત્વ, છેલ્લે કોઈ ફિલ્મમાં છોકરીના વાળ કપાવી જ નાખવા માટેનો સીન જોયો હોય તો એ દીપા મહેતાની 'વોટર'માં.

એની બંને દીકરીઓ એમની બહેનપણીના લગ્નમાં જાય છે અને એમના જેટલી જ ઉંમરની એ દીકરીના લગ્ન થઈ રહ્યા છે એ સીન ફિલ્મમાં ટર્નિંગ પોઈન્ટ છે, એ કહે છે કે ભલે એ લોકોનાં પિતા અત્યારે જે કરે છે એ એમને જુલમ લાગતો હોય, પણ એમની માટે વિચારે તો છે, એમને બોજ તો નથી સમજતા, કે દીકરીને ચૌદ વર્ષની ઉંમરે પરણાવી દેવામાં આવે એવો ખ્યાલ નથી ધરાવતા, એ પછી ગીતા અને બબિતાને રિઅલાઈઝ થાય છે કે એમના પિતા એમની માટે સારુ વિચારે છે.

પહેલી વખત 'દંગલ' લડવા જાય છે એ વખતે વ્યવસ્થાપકો એ વિચારીને ગીતાને રમવા દે છે કે એક છોકરીને છોકરા સાથે કુસ્તી કરતી જોવા માટે વધારે લોકો આવશે અને ટિકિટનો વકરો વધારે થશે, આ એક માનસિકતા છે, કોઈ અલગ કરતું હોય એ જોવું બધાને છે, એની પહેલા એ કામમાં સાથ કોઈ આપતું નથી, ગીતાની એ મેચ જોવા માટે લોકોનાં ટોળા ઉમટે છે, અને એને જીતતી જોઈને ખુશ પણ થાય છે, અને એ મેચ હારે છે તો પણ એને જીતનારથી વધારે રોકડ ઈનામ અપાય છે, એ બધી કરન્સી નોટ જે એને ઈનામમાં મળશે એ એના બાપુ મહાવીર સાચવી રાખવાના છે, એની દીકરીઓની પ્રગતિની સાબિતી માટે, યાદો માટે. આ એ જ બાપ છે જેણે પોતાનો નેશનલ ચેમ્પિયનશીપનો મેડલ એક જૂની પેટીમાં મૂકી દીધો છે, અને એની દીકરીઓના પુરસ્કાર, ટ્રોફીસ, અને

અનુસંધાન પાના નં. ૭ પર